વર્ષ ૯ । સળંગ અંક ૫૬ । ઑક્ટોબર ૨૦૨૨



# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન    અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013


**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org

•

**એકત્ર-સંયોજક: અનંત રાઠોડ** • email : anantrathod@ekatrafoundation.org


- મુદ્રણ-અંકન (ટાઇપસેટ): વિભા સોની
- ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ
- લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

**અમારી વેબસાઈટ:**

www.ekatrafoundation.org

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા 'સંચયન'નાં તમામ અંકો વાંચી શકાશે.

•

- વીજાણુ સામયિક 'સંચયન' દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- 'સંચયન' માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- 'સંચયન'માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.


દીપોત્સવીની
અઢળક શુભેચ્છાઓ
અને
નૂતન વર્ષનાં
હાર્દિક અભિનંદન

# અ નુ ક્ર મ

## સંચયન ૫૬ ❦ ઑક્ટોબર ૨૦૨૨


સંપાદકનું કથન • રમણ સોની

વાચન-સમૃદ્ધ એક સંપાદનગ્રંથ

કવિતા * યોગેશ જોષી

તેજનાંફોરાં! • બરફની ઝીણીઝીણી ફરફર • સફેદ રાત

વાર્તા * રવીન્દ્ર પારેખ

સામે

ચરિત્રનિબંધ * અનિલ વ્યાસ

બા

કવિતા * રમણીક સોમેશ્વર

ભીંત • ભીંતો અને ભીડ

હાસ્ય * અશોક દવે

મેં વાંસળી વગાડી

પુસ્તક-પરિચય * ભોળાભાઈ પટેલ

નિર્વાચિત કલામ(તસલિમા નાસરિન) • નિર્વાચિત કવિતા(તસલિમા નાસરીન)

પત્ર * મહાદેવ દેસાઈ

મુક્તિનો આનંદ!

‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ

**સંપાદકનું કથન**

# વાચન-સમૃદ્ધ એક સંપાદનગ્રંથ

**– રમણ સોની**


‘ધામધૂમ’ શબ્દ આ દીવાળીએ કદાચ સૌથી વધારે સાર્થક થવાનો છે. નવરાત્રિ જે રીતે મન મૂકીને ઉજવાઈ એ પણ દીવાળીના ફટાકડાનો અવાજ કેવો બુલંદ હશે એનો અણસાર આપે છે. આ લખાણ તમે વાંચતા હશો ત્યારે તો કદાચ આસપાસ આતશબાજી જોતાં ને સાંભળતાં હશો.

કોરોનાનાં બે દુખદ વર્ષોમાં દબાઈ રહેલો ઉત્સવ માટેનો ઉત્સાહ, હવે ભયમુક્તિના દિવસો આવ્યા છે ત્યારે, બેવડા વેગથી સક્રિય થાય એ સ્વાભાવિક છે. લોકો કાયમ માટે દુખથી સ્થગિત થઈ જતાં હોતાં નથી, અનેક વિટંબણાઓની વચ્ચે પણ ઉત્સવની રૂપેરી રેખા બહાર નીકળી આવે છે.

કોરોનાની મહાપીડામાંથી વિશ્વ પસાર થઈ ચૂક્યું છે ત્યારે એ દિવસોએ માનવજીવનનાં અનેક પાસાં – ભયાનક બિમારી, આર્થિક-સામાજિક-માનસિક વલણો, શિક્ષણ, વગેરે – ઉપર કેવી અસરો જન્માવી ને એનાં શાં પરિણામો આવ્યો એ વિશે એક ઉત્તમ, કાયમ સાચવી રાખવા લાયક પુસ્તક પ્રગટ થયું છે એની થોડીક વાત આજે કરવી છે.

*

એ પુસ્તક છે ‘કોરોના મહામારી – વ્યાપક અસરો અને વૈશ્વિક પડકારો’. વડોદરાના યજ્ઞ પ્રકાશને માર્ચ ૨૦૨૨માં પ્રકાશિત કરેલા ૬૦૦ ઉપરાંત પાનાંના આ પુસ્તકમાં વિવિધ ક્ષેત્રોના જાણકારો–વિદ્વાનોએ લખેલા ૮૫ ઉપરાંત લેખો છે, એ દિવસોમાં લખાયેલાં કાવ્યોમાંથી કેટલાંકનું ચયન છે, ખ્યાત ચિત્રકારોએ આલેખેલાં કેટલાંક ચિત્રરેખાંકનો છે.




અહીં વૈશ્વિક મહામારીનો ઈતિહાસ દર્શાવવાની સાથે કોવિડનું સ્વરૂપ, કોવિડ પછીની તકલીફો, રસીકરણ વગેરે વિશેના, 'તબીબી વિજ્ઞાન'ના નિષ્ણાતોના લેખો છે; કોરોના-સમયે અર્થતંત્રની કેવી દયનીય સ્થિતિ કરી એ વિશેના લેખો છે; કોરોનાકાળમાં દલિતો, ગ્રામજનો ને કામદારોની સ્થિતિનું આલેખન છે ને બદલાયેલાં સામાજિક પ્રવાહો ને વલણોનો ચિતાર છે. શિક્ષણની બદલાયેલી સ્થિતિની તેમજ પર્યાવરણ પર કોવિડની થયેલી અસરો પર તથા વ્યાપક જન-સ્વાસ્થ્યની બાબતો પર વિવિધ વિદ્વાનોના લેખ છે. એ ઉપરાંત, આ આખા સમય દરમ્યાન સરકારની કેવી ભૂમિકા રહી ને ક્યાંક જવાબદારીના અભાવે કેવી વિચિત્ર સ્થિતિ સરજી એ વિશેના નિર્ભીક લેખો પણ છે. આ ઉપરાંત, એના સંપાદકોએ, કોવિડ અંગે વિશ્વભરમાં લખાયેલાં પુસ્તકોનો પરિચય આપતા લેખો પણ કરાવ્યા છે.

કોરોના મહામારી અંગે વૈજ્ઞાનિક, સામાજિક, રાજકીય, અને વ્યાવહારિક જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતા આ પુસ્તકના સંપાદકો છે – રજની દવે, ડૉ. કિરણ શીંગ્લોત અને પારુલ દાંડીકર.

સંપાદન ખૂબ જ આયોજિત અને દૃષ્ટિપૂર્ણ છે.

*['કોરોના મહામારી', યજ્ઞ પ્રકાશન, હુજરતપાગા, વડોદરા ૩૯૦૦૧૧, કિંમત રૂ. ૩૦૦]*

રમણ સોની

## ત્રણ કાવ્યો


# ટોરોન્ટોમાં શિયાળો

યોગેશ જોષી

### ૧. તેજનાં ફોરા!

પાનખરમાં તો
મેપલનાં પાને પાને
ફૂટ્યા'તા મેઘધનુષના રંગો!
ને કેવાં શોભતાં હતાં
વૃક્ષો, વનો, પહાડો!

ને હવે
રહી ગયાં
કેવળ હાડપિંજર
પહાડે પહાડે, વને વને...
નજર પહોંચે ત્યાં લગી
જાણે કંકાલભૂમિ...




થીજી ગયેલી
કાળી ચૌદસની રાત જેવો સમય
જરીક પીગળે
ત્યાં તો
ઠંડો તીણો પવન
ડમરુ બજાવતો ખેલે તાંડવ...

ત્યાં તો
મોગરાની ઝીણી ઝીણી
હળવી હળવી

પાંખડીઓ જેવો
વરસવા લાગે બરફ!
હાડપિંજર જેવાં વૃક્ષોની ડાળ ડાળ
શોભી ઊઠે
બરફનાં ઝીણાં ઝીણાં
શ્વેત પુષ્પોથી...

ધરતી પર
છવાતું જાય જાણે
બરફનું શ્વેત શ્વેત ઘાસ!
પ્રગટી ઊઠે
બધે બધે બધે જ
શ્વેત રંગ –
સરસ્વતીના અનંત વસ્ત્ર શો
ધવલ
ઉજ્જ્વલ!

નિર્મમ હળવાશ સાથે
વરસે
હજીયે
હજારીગોટાની પાંખડીઓ જેવો
સુકોમળ બરફ
ન ક્યાંય કોઈ હરફ...

તડકોય જાણે
બરફ જેવો ઠંડો,
બરફ જેવો શ્વેત!
ને
હળવે
હળવે
હળવે
વરસતો બરફ
તો કે
તેજનાં ફોરાં!

થાય,
લાવ, ઝીલી લઉં એને
મારી હથેળીઓમાં?!

ના, ના;
હથેળીની ગરમીથી
તો એ
પીગળી જશે...

તો, ઝીલું એને
મારા
હૂંફાળા હૈયે?!
ના, ના;
તો તો એ
ઊડી જશે
વરાળ થઈને...

ભલે
વ
ર
સે
તેજનાં ફોરાં...
એને
વરસવા દો,
વરસવા જ દો...

૨-૧૧-૨૦૧૬; બ્રામ્પ્ટન, કૅનેડા

## ૨. બરફની ઝીણી-ઝીણી ફરફર (Flurries)

ઠંડા પવનમાં
ઊડાઊડ કરે છે
ઝીણું ઝીણું પીંજેલા
શીમળાનાં ફૂલ જેવી
બરફની ઝીણી-ઝીણી ફરફર –
હળવી હળવી
કોરી કોરી...!

લાવ, એને
ઝીલી લઉં
મારી હથેળીમાં?
ના, ના;
હથેળીની હૂંફથી તો એ
ફેરવાઈ જશે
જલની
ઝીણી
લકીરોમાં...
તો
ઝીલું એને
મારા શબ્દમાં?!
ના, ના;
તો તો એ
ઊડી જશે
પેટાવેલા
કપૂરની જેમ...
ભલે વરસે
બરફની ઝીણી-ઝીણી ફરફર –
ફર ફર ફર ફર...

હળવી હળવી
કોરી કોરી...
ઝીલ્યા કરીશ હું એને
બારી પાસે બેઠાં બેઠાં,
કોરા આકાશ જેવી
મારી આંખોમાં...

૨૦૧૬; બ્રામ્પ્ટન, કેનેડા

## ૩. સફેદ રાત

નભ આખુંયે
ઝીણું ઝીણું
કોણે પીંજ્યું?!
રૂના
ઝીણા ઝીણા
પૉલ જેવો
પડે છે
બરફ –
ઝીણી, તીણી
હળવી હવામાં
ફરફર ફર ફર
ફરફરતો...

કાચની
બંધ બારીમાંથી
જોઉં છું –
એકેય તારો તો
દેખાય જ ક્યાંથી?!
ફરફર ફર ફર
ફરફરતા બરફે
કરી દીધી છે
કાળી ભમ્મર રાતને

સફેદ! –
સફેદ પૂણી જેવી,
સફેદ કફન જેવી...
સફેદ કફન જેવી રાતનું
પોત જોવા
સહેજ બારી ખોલી
જરીક
હાથ બહાર કાઢું છું...
(ઓ માય ગૉડ!)
સફેદ રાતનું પોત
કોઈ શબ જેવું જ
ઠંડુંગાર...
તરત
બારી તો
કરી દઉં છું બંધ
પણ
અંદર ધસી જ ગઈ પળવારમાં
બરફની કટાર જેવી
મરણની લ્હેરખી...

*૩૦-૧૨-૨૦૧૬; બ્રામ્પ્ટન, કૅનેડા*

વાર્તા

# સામે

રવીન્દ્ર પારેખ

પહેલાં તો રશ્મિને ખ્યાલ જ ન આવ્યો કે-

એટલી ઊંઘ આવતી હતી કે ઊભી-ઊભી જ ઊંઘતી હોય એવું લાગ્યું. એક તો ઠંડી ને ઉપરથી પ્રેશર! ક્યાંય સુધી તો એમ જ પડી રહી, પછી લાગ્યું કે નહીં જ રોકાય એટલે માંડ ઊઠી. રૂમની લાઇટ કરી. ટ્યૂબલાઇટ થતાં જ આંખ આગળ આડો હાથ ધરતાં નિખિલ બબડ્યો, ‘અરે!, યાર! લાઇટ બંધ કર ને! ઊંઘતી નથી ને ઊંઘવાય દેતી નથી.’

‘મને પણ જાગવાનો શોખ નથી, સમજ્યો!’ રશ્મિ તડૂકી.

‘અત્યારે શું વેપલો કરવા ઊઠી!’

‘વૉશરૂમ જવું છે, જવાય?’

‘તેમાં લાઇટ કરવાની શું જરૂર? વૉશરૂમ જોયો નથી?’

રશ્મિએ પાસે પડેલું ઓશીકું માર્યું નિખિલને. એ હડબડીને બેઠો થઈ ગયો,

‘વૉશરૂમ જતાં પહેલાં હસબંડને ફટકારવો એવું ક્યાંય લખ્યું છે?’

‘તારી સાથે કોણ જીભાજોડી કરે!’ બોલતી રશ્મિ વૉશરૂમમાં ભરાઈ. નિખિલ પાછો પથારીમાં પડ્યો ને ઓશીકું આંખો પર મૂકીને ઊંઘવા મથ્યો.

જરા વારે રશ્મિ બહાર આવી અને બેડ તરફ આવવા નીકળી ત્યાં અરીસા પર નજર પડી.

નજર ઠરે-ઠરે તે પહેલાં તો ત્યાંથી ખસી ગઈ. ખસી તેવી તીવ્રતાથી તેણે ડોકી પાછળ લંબાવી. અરીસા તરફ સેટ કરી. કદાચને ઉતાવળમાં અરીસો બરાબર જોવાયો નહીં હોય એમ માની ફરી અરીસામાં જોયું ને તેનાથી ચીસ પડી ગઈ. નિખિલ ચમક્યો. જોયું તો રશ્મિ અરીસા સામે જોઈને ધ્રૂજી રહી હતી. તેણે પડ્યે-પડ્યે જ કહ્યું, ‘સૂઈ જાને, યાર! સવાર સુધી ત્યાં જ ઊભી રહેવાની છે?’

-ત્યાં તો રશ્મિ રડતી હોય એવું લાગ્યું. નિખિલને ચિંતા થઈ. તે ઊભો થયો અને તેની પાસે જવા ગયો, પણ કશુંક વિચારતી રશ્મિ જ તેની તરફ આવી ગઈ. ‘કેમ રડતી હતી?’ એવું કશુંક નિખિલ પૂછવા ગયો ત્યાં તો આંખો લૂછતી રશ્મિ બેડ પર પડી નિખિલ હજી ત્યાં જ ઊભો હતો, તે જોઈને તેણે સામે પૂછ્યું, ‘કેમ સૂવું નથી?’

નિખિલ બેડ પર આવ્યો અને સોંસરું પૂછ્યું, 'રડી, કેમ?'

રશ્મિએ નિખિલ સામે જોયું ને હસી દેતાં કહ્યું, 'કૈં નથી.'

'તો રડી કેમ?'

'હસી પણ ખરી ને!'

'તો હસી કેમ, તે કહે.'

'હસાય પણ નહીં?'

નિખિલ સમજી ગયો કે રશ્મિ કશુંક છુપાવી રહી છે ને હમણાં તે કશું કહેવા માગતી નથી. તેને ખાતરી હતી કે તે જેમ-જેમ પૂછશે, તેમ-તેમ રશ્મિ વધારે છુપાવશે એટલે આગળ કંઈ ન પૂછતાં તે પડખું ફરીને સૂઈ ગયો ને રશ્મિ જાગતી પડી રહી.

સવારે ઊઠી ત્યારે તેને લાગ્યું કે આંખો ભારે છે. નિખિલ ઊઠીને ૯.૧૦ની લોકલ પકડવા નીકળી ગયો હોય એવું લાગ્યું, કારણ સામેના વૉલક્લૉકમાં સાડાનવનો ટકોરો તાજો જ પડ્યો હતો. આમ તો તે જતાં પહેલાં રશ્મિને ઉઠાડતો જતો, પણ આજે તેણે રશ્મિને ઉઠાડી નહીં. જ્યારે પણ રશ્મિ મોડે સુધી જાગતી કશુંક લખતી રહેતી તો નિખિલ સવારે જતી વખતે ઉઠાડતો નહીં. જાતે જ ચા પીને, તૈયાર થઈને નીકળી જતો. પછી રશ્મિ ઊઠતી ને તપેલીમાંની ચા ગરમ કરીને પીવામાં પડતી. કોઈ વાર વધારે મોડું થતું, તો બીજી ચા તે જાતે મૂકતી, પણ આજે તેને ઊઠવાનું મન ન હતું. નિખિલ તો પછી સૂઈ ગયો હતો, પણ રશ્મિને ઊંઘ આવી ન હતી ને પોતાને પણ ખબર ન પડે એમ એની આંખો વરસતી રહી હતી. રશ્મિ બેઠી થઈ. કોઈ પડદો ખસેડે ને બહારનો તડકો ખૂલવા ન દે એમ આંખો ખૂલતી ન હતી. તેને લાગ્યું કે આંખો લાલ થઈ ગઈ છે. તે ઊભી થઈ અને અરીસા સુધી આવી ને એકદમ પાછી ફરી ગઈ. તે ફરીથી અરીસાનો સામનો કરવા તૈયાર ન હતી. રાત્રે જે થયું હતું. અરીસા સૂધી જવાનું તેને મન જ ન થયું. મન થવા કરતાંય કદાચ ડર પેસી ગયો હતો. તેને થયું પણ ખરું કે રોજની જ વાત હતી. અત્યાર સુધી કંઈ થયું ન હતું ને કંઈ થાય એમ જ ન હતું, તો ડરવાનું...

તે મક્કમ થાય કે ન થાય, તેણે ઊઠવાનું તો હતું જ ને બારીઓ સુધી પણ જવાનું હતું.

જેવી તે બારીઓ ખોલવા લાગી કે તેને ડ્રેસિંગ ટેબલનો અરીસો યાદ આવ્યો. એ તરફ જોવું કે નહીં એ, તે નક્કી ન કરી શકી. તેને એમ પણ થયું કે બધા અરીસા સરખા નથી હોતા, બને કે ડ્રેસિંગ ટેબલનો અરીસો...

પણ તેની હિંમત ન થઈ, ડ્રેસિંગ ટેબલ તરફ પાછું વળીને જોવાની! તે જાત બચાવતી બેડરૂમની બહાર નીકળી આવી.

તેને થયું તો ખરું કે આટલા સંકોચાવાની જરૂર જ શી છે? બને કે ઊંઘને કારણે રાત્રે બહુ ખબર ન પડી હોય. બને કે એવું કશું હોય જ નહીં ને એ અમસ્તી જ ગભરાયા કરતી હોય. બને કે...

બને તો એવું પણ કે ગભરાવા જેવું જ હોય. એ જાય ડ્રેસિંગ ટેબલ તરફ અને...

ના, ના! ત્યાં તો ન જ જવાય : તેને થયું.

સાંજે નિખિલ આવ્યો ત્યારે રશ્મિ ગૅસ પર આંધણ મૂકતી હતી. બપોરે તેને ખાવાનું મન તો હતું, પણ ભાત મૂક્યો ન હતો. ઇન્ફૅક્ટ તેણે ગૅસ જ ચાલુ કર્યો ન હતો. સવારની ચા પણ ગરમ કરી ન હતી ને થોડી વાર પર જ તેણે સિંકમાં ઢોળી દીધી હતી. નિખિલે બૅગ ટેબલ પર મૂકી અને બટરસ્કૉચનું ફૅમિલી પૅક ડીપ-ફ્રીજમાં મૂક્યું. એ પછી એ સીધો કિચનમાં ઘૂસ્યો. રશ્મિને બંને ખભે હાથ મૂકી, તેને પોતાની તરફ ફેરવી ને બહારની તરફ ખેંચી. રશ્મિ બબડી, 'અરે, ગૅસ તો બંધ કરવા દે.'

ગૅસનો નોબ ફેરવતાં નિખિલ બોલ્યો, 'તું તૈયાર થઈ જા, આજે બહાર જમવું છે.'

'પણ મેં આંધણ મૂકી દીધું છે.'

'આંધણ જ મૂક્યું છે ને ? ઢોળી દે.'

નિખિલે જ સાણસીથી તપેલી ઊંચકી ને સિંકમાં ઊંધી વાળી દીધી. રશ્મિને લઈને તે બહાર આવ્યો ને સામેની ખુરશી પર બેસાડતાં બોલ્યો, 'આજે નાહી પણ નથી લાગતી. રડી હોય તેવું ડાચું છે. શું થયું છે, કાલ રાતનું?'

રશ્મિ પરાણે હસી, 'પહેલાં એ કહે કે ક્યાં જવું છે? મારે નહાવુંય પડશે.'

'કૈં જરૂર નથી. ફટાફટ તૈયાર થા. સ્પ્રે છાંટ થોડું. કોઈ જોવાનું નથી.'

'અરે! હમણાં જ આવું, નાહીને!' બોલતી એ કંઈ પણ સાંભળ્યા વગર બાથરૂમમાં ભરાઈ ગઈ. નિખિલ જાણતો હતો કે એ નાહ્યા વગર નહીં જ આવે. એણે વૉશબેઝિનમાં મોઢું ધરી નળ ચાલુ કર્યો. પાણી ચહેરે પડવા દીધું ને નૅપ્કિનથી ચહેરો ઘસી કાઢ્યો. વૉર્ડરોબમાંથી વ્હાઇટ ચેક્સનું શર્ટ કાઢ્યું અને બદલી લીધું. નવું પૅન્ટ પહેરવાનું મન થયું, પછી પહેરેલા પેન્ટને હાથથી ઝાપટીને બોલ્યો, 'ચાલશે.'

સદ્યસ્નાતા રશ્મિ બહાર આવી અને સાડી ઠીક કરતી ઉતાવળે ડ્રેસિંગ ટેબલ તરફ ગઈ. વાળ ઓળતી અરીસા સામે આવી ને કાંસકો ફેરવતાં...

પહાડ જેવો ધ્રાસકો પડ્યો, 'નો!' બોલતી એ રડતી-રડતી નિખિલને જોરથી વળગી પડી. નિખિલને સમજાયું નહીં કે રશ્મિ કરે છે શું? આટલું તો એ ક્યારેય રડતી ન હતી. તેણે રશ્મિનો ચહેરો ઊંચો કર્યો. ધ્રુસકે ચડી હતી. નિખિલે તેને બેડ પર બેસાડી. તેનો ચહેરો લૂછ્યો ને એકદમ સામે રાખીને સોંસરું પૂછ્યું, 'શું છે? શું થયું છે?' ફ્રિજમાંથી બૉટલ કાઢી તેની સામે ધરી. રશ્મિએ પાણી પીધું ને બૉટલ બંધ કરતાં નિખિલની સામે જોયું. તે હજી ર ડતી હતી. નિખિલે વહાલથી તેને ચહેરે હાથ ફેરવતાં કહ્યું, 'કાલનું કૈં થયું છે, પણ બોલતી નથી, બોલ ને!'

રશ્મિએ સાડીથી ચહેરો લૂછ્યો. આછું મલકી, 'બોલું છું, પણ તું મારી વાત માનવાનો નથી.'

'તું બોલ તો ખરી.'

'હું મને દેખાતી નથી.'

‘રબીશ!’ નિખિલ ઊભો થઈ ગયો ‘તૈયાર થા! મોડું થાય છે.’

‘નથી માનતો ને!’

‘તું તૈયાર થાય છે કે હું જમી આવું?’

‘મને મૂકીને જઈશ?’

‘તો ઊઠ ને!’

‘હું સાચું જ કહું છું, અરીસામાં હું મને દેખાતી...’

રડી પડી રશ્મિ.

નિખિલ બેસી પડ્યો, ‘શું બોલે છે?’

‘હા, કાલ રાતથી હું મને દેખાતી નથી.’

નિખિલે તેને માથે વહાલથી હાથ ફેરવ્યો, ‘અરે, મારી ગાંડી! એવું ન હોય!’

‘એવું જ છે, ડિયર!’ રશ્મિનું ડૂસકું રોકાતું ન હતું.

નિખિલ ઊભો થઈ ગયો. તેણે રશ્મિને બાવડેથી ઊભી કરી ને અરીસા તરફ ખેંચી, ‘બતાવ મને કે શું નથી દેખાતી?’

રશ્મિને ડ્રેસિંગ ટેબલના અરીસા સામે ઊભી કરી દીધી. રશ્મિએ આંખ હથેળી દાબી દીધી તે નિખિલે ખસેડી, ‘જો, સામે! દેખાય છે?’

રશ્મિએ હાથ ખસેડીને બીતાં-બીતાં સામે જોયું તો એ અને નિખિલ...

‘પણ, હું અત્યારે વાળ  ઓળવા ઊભી રહી તો ન દેખાઈ.’

‘તું ભીંત સામે  ઊભી હશે.’

નિખિલ હસ્યો. તેણે ફરીથી રશ્મિને અરીસો બતાવ્યો. ‘જોઈ લે, બરાબર! તું જ છે ને?’

‘હા, હું જ છું.’

***

‘એવું કેમ છે કે ખોટાં આંસુ પણ ખરી આંખમાંથી જ નીકળે છે?’

સોફામાં ઠલવાઈ જતાં નિખિલ બોલ્યો. રશ્મિ તેની બાજુમાં જ ગોઠવાઈ. તેને સમજાયું નહીં કે શું જવાબ આપવો. એમ પણ લાગ્યું કે જવાબ આપવો. એમ પણ લાગ્યું કે જવાબ મેળવવા સવાલ પુછાયો નથી. ઘડીભર તો થયું કે સૂઈ જવું જોઈએ, પણ નિખિલ તેને જ ઘૂરી રહ્યો હતો. રશ્મિને એકદમ સ્ટ્રાઇક થયું કે આ પુછાયું નથી, પણ સંભળાવાયું છે.

‘તારું એમ કહેવું છે કે હું મગરનાં... નહીં, મગરીનાં આસું વહાવું છું?’

‘અરે, મેં તો એમ જ પૂછ્યું.’ બગાસું ખાતાં નિખિલ બોલ્યો, ‘યાર, મોડું થઈ ગયું છે. સૂઈ જઈએ.’

‘ના, તને એમ જ છે કે હું ખોટું રડું છું.’

‘લલ્લુ, તું રડે છે જ ક્યારે કે ખરું-ખોટું કરવું પડે! આ તો કાલ રાત્રે જરા ઝરપી, બાકી...’

‘નિખિલ, સાચું કહું છું, હું ખરેખર જ નથી દેખાતી.’

‘નૉટ અગેન, પ્લીઝ! આપણે બહાર ગયાં ત્યારે અરીસામાં દેખાઈ હતી ને?’

‘હા, પણ કાલે નો’તી દેખાઈ.’

‘એ કાલની વાત હતી.’ એકદમ રશ્મિને અરીસા સામે ખડી કરી દેતાં નિખિલ બોલ્યો, ‘ને આ આજની વાત છે. છે ને?’

રશ્મિએ હકારમાં ડોકું ધુણાવ્યું. નિખિલે તેના ગાલ પંપાળતાં કહ્યું, ‘હવે સાડી તું બદલે છે કે હું બદલાવું?’

‘મને બદલતાં આવડે છે.’

‘તો જલદી આવ!’

‘આવી...’ બોલતી તેણે બંગડીઓ કબાટના ડ્રોઅરમાં મૂકી અને નાઇટી લઈને ડ્રેસિંગ ટેબલ તરફ મોં ફેરવ્યું. જોયું તો અરીસો ખાલી હતો. તેણે અરીસા તરફ હાથના પંજાઓ એમ માર્યા, કેમ જાણે કાચમાંથી પ્રતિબિંબ નીકળી આવવાનું હોય! તેણે પોતાના ગાલ, મોં ચકાસી લીધાં. હથેળીને ચહેરો સ્પર્શાયો તો ખરો. તો, આયનાને શું વાંધો પડ્યો હતો! કેમ એ ચહેરો બતાવતો ન હતો? શું કરવું તે એને ન સમજાયું. એકદમ તેણે ચીસ પાડી, ‘નિખિલ!’

નિખિલ દોડતો બારણાં પાસે આવ્યો,

‘શું થયું?’

રશ્મિએ ઝળઝળીયાળી આંખે અરીસા સામે આંગળી ચીંધી, ‘નથી દેખાતી.’

‘શું બકવાસ કરે છે.’ બોલતો એ પાસે આવ્યો અને અરીસા સામે જોયું તો રશ્મિ દેખાઈ. રશ્મિ ચમકી ગઈ. તો ન દેખાઈ તે શું હતું? તેણે નિખિલને કહ્યું, હું ખરેખર જ નથી દેખાતી, નિખિલ!’

‘તો અત્યારે કેમ દેખાય છે?’

‘નથી ખબર, પણ હું સાચું જ કહું છું. ટ્રસ્ટ મી-’

‘કેવી રીતે ટ્રસ્ટ કરું? તું કહે છે કે નથી દેખાતી તો અત્યારે દેખાય છે તેનું શું?’

‘હું જૂઠું નથી કહેતી, નિખુ...’

‘એક કામ કરીએ. તું અરીસા સામે જ ઊભી રહે. હું ખસી જાઉં છું.’

નિખિલે ખસી જતાં પૂછ્યું. ‘હવે દેખાય છે?’

ચીસ જેવા અવાજે રશ્મિએ કહ્યું, ‘ના...’

‘ત્યાં જ થોભ!’ બોલતો નિખિલ તેની અડોઅડ આવીને ઊભો રહ્યો, ‘હવે?’

રશ્મિ દેખાતી હતી. તેને બતાવતાં કહ્યું, ‘આનો સાદો અર્થ એટલો છે કે મને અવગણીશ તો દેખાઈશ નહીં, તે હસ્યો, ‘મને સાથે ને સાથે રાખ, નહીં તો તારું પડીકું વળી જશે.’

ધબ્બો મારતાં રશ્મિ બોલી, ‘મશ્કરી કરે છે?’

‘તું જ જોને! હું છું તો દેખાય છે, બાકી તારો કોઈ ક્લાસ નથી!’

રશ્મિએ અરીસા સામે ખસી જતાં પૂછ્યું, ‘તું દેખાય છે?’

‘હું તો દેખાઉં જ છું.’

‘તો હું કેમ નથી દેખાતી?’ રડી દેવાયું એનાથી. નિખિલે તેને ચહેરે હાથે  ફેરવતાં કહ્યું, ‘ગાંડી, તને વહેમ ભરાઈ પેઠો છે, બાકી મારી સાથે દેખાય ને એકલી હોય ત્યારે ન દેખાય એવું બને કઈ રીતે?’

‘આ વહેમ નથી. નિખિલ!’

‘કાલે ડૉ. ભણસાળીને બતાવી આવીએ.’

‘મતલબ કે હું ગાંડી થઈ ગઈ છું...’

‘સાઇકિયાટ્રિસ્ટને બતાવીએ એમાં ગાંડી થઈ જાય? જરા તો મગજ ચલાવ.’

‘મતલબ કે મારું મગજ નથી ચાલતું, એમ જ ને?’

બે હાથ જોડીને નિખિલ બોલ્યો, ‘દયા કર! મારું નથી ચાલતું, પછી છે કૈં! હમણાં સૂઈ જા, કાલે વાત!’

***

જાગી ત્યારે દિવસ ચડી ચૂક્યો હતો. રશ્મિ સફાળી બેઠી થઈ ગઈ. હાથ ઊંચા કરી આળસ મરડી. મોં થપથપાવી હળવું બગાસું ખાધું. બેડ પરથી ઊતરી. અરીસા સામે આવી. ન દેખાઈ. એક પ્રકારની ગૂંગળામણ અનુભવાઈ. કોઈએ મોઢે પ્લાસ્ટિક વીંટી દીધું હોય ને શ્વાસ લેવાની તકલીફ પડતી હોય એવી! એમ લાગ્યું જાણે સામે કશું નથી. ના, સાવ એવું પણ ન હતું. બીજું બધું તો દેખાતું હતું. એકદમ તેણે બારી ખોલી નાખી. પાછળનું આકાશ અરીસામાં પડઘાયું. અજવાળું વધી ગયું. સારું લાગ્યું. તેણે બળપૂર્વક પોતાને જોવાની કોશિશ કરી. પીઓપીની છત દેખાતી હતી, પાછળના કબાટનો ટુકડો પણ ચળકતો હતો. એટલું હતું કે પોતાના હોવાને લઈને કબાટનો જેટલો ટુકડો દેખાવો ન જોઈએ તે દેખાતો હતો. તેને થયું : એટલી પોતે પારદર્શી થઈ, બીજું શું? આકાશ અને અરીસા વચ્ચે પોતે હતી તેટલી જ ન હતી, પણ બહાર તો હતી જ ને! અરીસો તેને ભૂંસી શકતો ન હતો.

તેને બ્રશ કરવાનો વિચાર આવ્યો, પણ માંડી વાળ્યો, બેઝિનમાં પાણી ચાલુ કર્યું. ચહેરા પર છાલકો મારી. અરીસામાં જોઈને ન દેખાતો ચહેરો નૅપ્કિનથી લૂછ્યો. સારું લાગ્યું. સોફા પર પડવાની હોય તેમ બેઠી. બેસતાં જ લાગ્યું કે કંઈ ખૂંચ્યું. હાથ પાછળ સરકાવીને રિમોટ બહાર કાઢ્યું. એમ જ દબાવ્યું. ટીવી ચાલુ થયું. જીએસટી વધવાના અને બધું મોંઘું થવાના સમાચાર ઍન્કર ખોટી ગુજરાતીમાં આપતો હતો. તેને થયું : જીવન સિવાય બધું જ મોંઘું

હતું. રશ્મિએ ચેનલ બદલી. મહાભારત ચાલતું હતું. દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું, ‘શું દેખાય છે?’

‘ગુરુજી, મને આકાશ વૃક્ષ, પંખી... બધું દેખાય છે.’

ગુરુએ કહ્યું, ‘રહેવા દે.’

પછી અર્જુન સામે જોતાં કહ્યું, ‘તું આવ.’

અર્જુન આગળ આવ્યો. ગુરુને તેણે પ્રણામ કર્યા ને ધનુષ પર બાણ ચડાવ્યું, ત્યાં જ ગુરુએ પૂછ્યું, ‘શું દેખાય છે?’

‘ગુરુજી,મને પક્ષી... નહીં, એની આંખ જ દેખાય છે.

રશ્મિને ગમ્મત કરવાનું સૂઝ્યું : મૂરખ છે. આકાશ છે, ઝાડ છે તે નથી દેખાતાં ને પક્ષીની આંખ જ...ને મને જો! હું અરીસામાં જ નથી દેખાતી, બાકી બધે જ...

અર્જુને પક્ષીની આંખ વીંધી નાખી. એ એકલો જ એવો હતો જે બધું હોવા છતાં માત્ર, પક્ષીની આંખ જ જોતો હતો ને...

મોબાઇલની રિંગ વાગી. રશ્મિએ સ્ક્રીન પર જોયું. નિખિલ હતો, ‘બોલ!’

‘ડૉક્ટર પાસે જવું છે?’

તીર જેવો જવાબ છૂટ્યો, ‘ના!’

‘સારું.’

‘કૈં લાવવું છે?’

‘ના...’

‘નારાજ છે?’

‘ના.’

‘શું કરે છે?’

‘ટીવી જોતી હતી.’

‘આરસી સામે છે?’

‘ના.’

‘બહુ જો, જો ના કરતી.’

‘દેખાતી જ નથી તો જોઈને શું કરું?’

‘હોય તો, તો દેખાય જ ને!’

‘એ જ! હોઉં તો, તો દેખાઉં જ ને! પણ નથી દેખાતી. એનો અર્થ એ કે...’

***

સાંજે જ્યારે નિખિલ આવ્યો ત્યારે રશ્મિ અરીસાથી થોડે દૂર જ ઊભી હતી. તેણે સ્વિચ ઑન કરી અને બહારનું આકાશ હોલવાઈ ગયું. નિખિલે તેને પાછળથી આવીને હળવેથી

બાથમાં લીધી. રશ્મિએ હાથ પાછળ લંબાવી નિખિલને ચહેરે હાથ ફેરવ્યો. નિખિલે તેને અરીસા સામે લાવીને ઊભી કરી, ‘દેખાય છે?’

‘તું હોય છે ત્યારે જ દેખાઉં છું.’

‘હું છું જ ને! ક્યાં જવાનો હતો?’

‘ને એકલી હોય છે ત્યારે નથી દેખાતી. છોડને એ વાત જ! નથી દેખાતી તો કાચું ખાય છે? આ મારી સામે આટલી બધી છે, રૂમમાં છે, બહાર છે, હોટેલમાં... પાર્ટીમાં... બધે જ છે...’

‘નથી તો આરસીમાં!’ અફસોસ છતો થઈ ગયો.

‘આરસીમાંય છે જ! આ અત્યારે દેખાય જ છે ને! સાચું કહું? તને વહેમ ભરાઈ પેઠો છે કે નથી દેખાતી, બાકી એવું કશું નથી.’

‘એમ હશે.’ હથિયાર હેઠાં મૂકતી હોય તેમ રશ્મિ સોફા પર બેસી પડી. નિખિલ તેની પાસે બેઠો. તેનો ચહેરો પોતાની તરફ ઊંચો કરતાં બોલ્યો, ‘મારી સામે જો! દેખાય છે મારી આંખોમાં?’

રશ્મિને હસવું આવ્યું, ‘એમાં તો દેખાઉં જ ને! તું સાથે ને સામે છે, પછી?’

‘સારું, હું જરા ફ્રેશ થઈ આવું,’ બોલતો એ વૉશરૂમ તરફ ગયો.

રશ્મિ ખૂબ થાકી હોય તેમ તેણે માથું સોફા પર ટેકવી દીધું. તેને થયુંઃ નિખિલને કઈ રીતે સમજાવવું કે એ એકલી હોય છે ત્યારે અરીસામાં નથી જ દેખાતી. ખરેખર, એવું સત્ય જે વ્યક્તિ એકલી જ જાણતી હોય ને તે બતાવી શકાય એમ ન હોય તો પુરવાર કરવાનું... અર્જુન પાસે એ તીર હતું જે સાબિત કરી શક્યું કે બધું હોવા છતાં તેને આંખ જ દેખાતી હતી.

પણ તીર ન હોય ને આંખ જ દેખાતી હોય ત્યારે કેમ સાબિત કરવું કે આંખ જ...

*[‘નવનીત-સમર્પણ’, ઑક્ટોબર ૨૦૨૨]*

ચરિત્રનિબંધ

# બા

અનિલ વ્યાસ

કશું ખાસ લખી શકું એવું યાદ નથી. કદાચ એવું કંઈ બન્યું જ નહિ. મારા પિતા, અમે એમને ભાઈ કહેતા. એમણે મા બહુ નાનપણમાં ગુમાવી હતી. વળી, મારા દાદા મોટા કાકા સાથે અમદાવાદ રહેતા હતા એટલે દાદા-દાદીના સથવારાનું સુખ મેં જોયું જ નહિ.

જે કંઈ યાદ છે એ મારી બા સાથે વિતાવેલા સમય. બા કહેતાં, નર્મદાબહેન ગણપતરામ વ્યાસ : મારી માની મા. ગુજરાતી કુટુંબમાં નાની કહેવાનો રિવાજ નહિ એટલે બા. (નાની શબ્દ હિન્દીભાષી ગણાતો હશે?)

બા સહેજ હાડેતી. મજબૂત બાંધાની. ખાખરાનો ગંઠો એક હાથે છાપરે ઉલાળી મૂકે. અમારી ગાય ગંગાને છાશવારે વાકું પડે. એ અડી જાય પછી કોઈને નજીક ન આવવા દે. બા એનાં શીંગડાં પકડી સીધું આંખમાં તાકતા હોય એમ મોઢું નજીક લાવી બોલે, 'કેમ બહુ મયડાય છે' લી?' લગાવું આંટો?' કહી શીંગડું એક તરફ નમાવે. ગંગા નીચું જોવા મથતી ખરીઓ ખોતરવા માંડે. 'પોંસરી રે'તી હોય તો આમ હાથ અડાડવો પડે?'

પછી, 'લાય' લ્યા કાળિયા, બોઘેણી ને રાશ હેંડ.' કહી ગંગાને કપાળે, ડોકે પંપાળતા હોય. એમના બંધ હોઠ, ચહેરો અને મીઠો મલકાટ સમજતી હોય એમ ગંગા હકારમાં માથું હલાવતી રહે.

પાછલી ઉંમરમાં એ બેવડ વળી ગયેલી. 'આ નબદીએ આખી જિંદગી વૈતરાં કૂટીને કેડો ભાંજી નાંખી.' શાંતામામી એમની ભેંસો માટે ગોતું બનાવવા વાંકા વળે ત્યારે આ વાક્ય અચૂક બોલતાં. પછી આગળ આવી ગયેલી વાળની લટને હાથે ચોંટેલું ગોતું વાળને અડે નહિ એમ હથેળી વાળી કાંડાની ધાર વડે વાળ કાન પાછળ ગોઠવી મારી સામે જોતાં. 'મોટા થઈને આની હામું જોજે રોયા.'

બાની આંખો એકદમ કાળી અને ભાવવાહી હતી. એ સીધું તાકતી ત્યારે એમનો ચહેરો એ આંખોમાં આવીને બેસી ગયો હોય એમ અનુભવાતું. એ ખપ પૂરતું બોલતી. નજરથી કહેવાય ત્યાં હોઠ ન ઊઘડે. મોટા ભાગે એ કોઈ ને કોઈ કામમાં જોતરાયેલી રહેતી. ગમાણ વાળવી, ગાયો માટે ગોતું પલાળવું, રજકો કે ઘાસનો પૂળો ચકાસીને નીરવો, અમે વાળી લાવેલા છાણમાં કૂંવળ (ઘઉંના છોડની કતરણ, પરાળ) ઉમેરી છાણાં થાપવાં. જાણે એ કદી થાકતી નહિ. ઘરની રસોઈ ઢાંકો-ઢૂબો ને વાસીદું પરવારી એ પડિયા-પતરાળાં બનાવવા બેસતી.

અમનેય ભેગાં જોતરતી, કોઈ વાર લાગ મળ્યે રમવા ભાગી ગયો હોઉં ત્યારે અકળાઈને હથેળી ખોલ-બંધ કરતાં મારી સામે તાકી રહેતી. મને ખબર હતી કે એના હોઠ સુધી આવી ગયું હશે... તારા બાપ જેવો ના થતો. બાને ભાઈ (મારા પિતા) માટે બહુ લાગણી નહોતી. એ મારી મા પર મન ફાવે એમ હાથ ઉપાડી લેતા એ એમને બિલકુલ પસંદ નહોતું.

તારો બાપ...એમ બોલી બા અટકી જતી. પછી હળવેથી મારો હાથ હાથમાં લઈ કહેતી, 'તું સરખું ભણજે અને મારી છોડી સામું જોજે.' પછી થોડી વાર હાથ એમ જ પકડી રાખી જાળિયામાંથી દેખાતી ગંગા સામે જોઈ રહેતી. બા સ્વભાવે બહુ ઋજુ હતી. અમને કડવું બોલતી પણ અમારી પાડોશમાં રહેતાં અને અમારા દૂરની સગાઈના શાંતામામી મને નવી નવી ગાળોથી નવાજે એ એમને ગમતું નહીં. શાંતામામી બિન્દાસ હતાં. આખાબોલા ને જબરા! એ બાને બહુ ગણકારતા નહિ. 'મારો રોયો', 'નખ્ખોદીઓ', 'ઓટી વાળ', 'તાણી કાઢેલો', 'અદક પાંસળી' જેવાં સંસ્કારી વિશેષણો ઉપરાંત કાગડો, ગધેડો, નીચ, અને કપાતર કે મૂઆ જેવાં વ્હાલભર્યા સંબોધનોનો તેમની પાસે અખૂટ ભંડાર હતો. બધાય ભાણિયા ટેવાઈ ગયેલા. શાંતામામીનું અથરું બોલવું કોઈને ક્યારેક અખરતું નહીં. આજે એવી મીઠી ગાળો આપે એવું કોઈ રહ્યું નથી એટલે એ સઘળું યાદ આવે ત્યારે ઘરમાં પસંદગીથી સજાવેલા ફર્નિચર ને દીવાલે ચીવટપૂર્વક ગોઠવેલી છબીઓ પર અથડાઈ નજર ભોંઠી પડે છે.

આમ જ એક વાર ભોંઠા પડવાનું થયેલું, કાભઈ'દાના ખેતરમાં તોતાપુરી કેરીનો આંબો હતો. તોતાપુરી કેરી કાચી ખાઈએ તોય કોપરા જેવી લાગતી, અમે માસિયાઈ ભાઈ-બહેનોએ એક વખત એમના આંબા પર ધાડ પાડેલી. ઘરના લક્કડિયામાંથી ચોરેલું મીઠું-મરચું કાચી કેરી પર ચોપડી ચોપડી મજેદાર જ્યાફત ઉડાવી હતી. નીચી નીચી અને વાડ તરફની બધી કેરીઓ તોડી અને પથરો વાગી ચિરાયેલી કેરીઓ ત્યાં જ ફેંકી બગાડ કર્યો એટલે કારસો પકડાયો.

હું મોટો એટલે બાએ મારી સામે જોયું ત્યારે બા સામે મહાદેવના સાવ જૂઠા સોગંદ ખાઈ હું નામક્કર ગયેલો. બાને ખબર હતી કે હું જૂઠું બોલું છું પણ કાભઈ'દાની સામે એમણે ખોંખારીને કહેલું, 'મારો ભાણિયો કોઈ દિવસ જૂઠું ના બોલે. તમે ઘર ભૂલ્યા અમારા બ્રાહ્મણિયા સંસ્કાર જુદા હોય ભઈ. બરાબર તપાસ કરીને બોલવાનું રાખો તો સારું. કાભઈ'દા પરાભવ ઓઢીને જતા હતા ત્યારે એમના ઢીલા ઊપડતા પગ સામે જોતાં બાની નજરમાં ન સમજાય એવું કશુંક યાદ આવી ગયું. શેરી વટાવી ગયા પછી બા મારી તરફ ફરી. એ કશું બોલી નહોતી બસ, જોયું હતું. એ ક્ષણે સાવ ભોંઠા પડી જવાયું હતું.

બાને સાત દીકરીઓ, બે દીકરા, એક વિધવા જેઠાણી અને બે ગાયોનો પરિવાર સાચવવાનો એટલે કરકસર એના સ્વભાવમાં ભળી ગઈ હતી. મામા પહેલી વાર દાંતે ઘસવાનો પાઉડર લાવ્યા હતા. એનો ધોળો રંગ, રેશમી સ્પર્શ ને ઇજમેટની સુગંધથી મોંમાં ધમધમાટ ફેરી ગયેલો. બીજે દિવસે વહેલી સવારે હાથમાં દાતણને બદલે પાઉડર માટે હાથ લંબાવ્યો ત્યારે શીશી બદલાઈ ગઈ હતી. આછા ઉજાસમાં પાઉડર મોંમાં જતાં જ મીઠું દાંતે વાગવા લાગ્યું. મારાથી ઊંચા અવાજે પુછાઈ ગયેલું, 'કોણે મીઠું ભેળવ્યું છે પાડવરમાં? બા ફૂઉઉઉ કરતાં હસી પડેલાં. 'પાડવર નહીં અલ્યા પાવડર. મીઠું ના ઉમેરો તો તારો પાડવર

દહ દાડાય નહિ ચાલે. ને બીજું, મારા છોકરાએ જગન નથી માંડ્યો. નવું જોઈને અણ્યું એનો હરખ કર છાનોમાનો.'

એ સાંધેલા, થીંગડાંવાળા સાડલા પહેરતી. વળી એ ઊતરે એટલે એ સાડલા વાપરી ગોદડી સીવતી. ચીવટથી શાક સમારતી હોય એમ બા અમારું આંગણું વાળતી. ખાખરાના પાનના ગંઠા બનાવી છાપરે સૂકવતી. અમે પડિયા-પતરાળાં બનાવવા લીમડાની સળીઓ વીણી લાવીએ ત્યારે પાંચ પૈસાનો સિક્કો મારી હથેળીમાં મૂકી મીઠું મલકાતી.

વરસોનાં વરસ જોયેલો એ મલકાટ હું સમજણો થયો ત્યારે સાવ જુદો અનુભવાયો. અમારા સુખમય અનુભવોની પછીતે છુપાયેલું એ અસુખ કદી વરતાયું જ નહિ. બાનીપેલી નેહનીતરતી આંખોમાં એક વાર પાણી ભરાયાં હતાં. હું બી.એ.એમ.એસ. પાસ કરીને એક ખાનગી નર્સિંગ હોમમાં જોડાયેલો.

મારાં માતા-પિતા એ વખતે નવસારી નજીક જલાલપોરમાં રહેતા હતા. હું ઘરથી નીકળ્યો ત્યારે માએ હઠપૂર્વક તાકીદ કરેલી. 'સાંભળ, બહારનું ગમે એવું ખાઈશ નહીં. અસારવાનું ઘર સિવિલથી ઢેંફાવા થાય. બે ટાઇમ આપણા ઘરે જ ઈ ખાઈ આવજે, થોડાક પૈસા બચાવવાની લાલચે માનું સૂચન મને શીરાની જેમ ગળે ઊતરી ગયેલું. લગભગ દોઢેક મહિનો બધું બરાબર હતું. એક દિવસ બપોરે જમવા ગયો ત્યારે મારા ભાણામાં રોટલો મૂકતી બાની હથેળી પર આંસુનું ટીપું પડ્યું. એની સામે જોયું કે છલોછલ આંખો ઠલવાઈ ગઈ. હું સાવ ડઘાઈને એના દદડતા ગાલ જોતો રહ્યો. એ વખતે એનાં આંસુ લૂછવાનુંય ન સૂજ્યું. એણે સાડલાનો છેડો મોં પર ફેરવી કહ્યું, 'હેંડ, ખાઈ લે હવે.'

'પણ શું થયું? તું રડી કેમ?'

'એક વાર ખાઈ લે ધરાઈને. પછી વાત કરું છું.'

મન ભારે થઈ ગયું હતું તોય હું બરાબર ઓળખતો હતો એટલે ભાણામાં મુકાયેલો રોટલો પાછો મૂકવાની હિંમત ના ચાલી. પાણી પીને ગળે વળતો ડચૂરો ભીંજવી કોળિયો ઉતરતો રહ્યો. હું હાથ ધોઈ ઊભો થયો.

'તું બેસ બાંકડે. હું પરવારીને આવું છું.'

હું પરસાળમાં બેઠો હતો. ક્યારે આવી ત્યાં એ મારી બાજુમાં બેસી ગઈ એની સરત ન રહી. સામે પસાર થતાં વાહનોથી હવામાં છવાયેલી ધૂળ આંખમાં ભરતી હોય એમ રસ્તો તાકી રહેલી. થોડી વારે હળવાશથી બોલી, 'જો ભઈ, હવે તું મોટો થયો. કમાતો થયો. ક્યાં સુધી આવી અગવડો વેઠીશ? એમ કર...ટિફિન બંધાવી લે એટલે આવવા-જવા સાઇકલ ખેંચવી  નહિ ને નોકરીમાં ધ્યાન અલાય. શું સમજ્યો?'

કૂવો ચૂવે એમ મન ચૂવા લાગ્યું. અંદર છેક અંદરથી કોઈ આમળતું હોય એમ અનુભવાયું. હું બા સામે જોઈ રહ્યો. એના હસવા મથતા હોઠ ભિડાયા. પરાણે  આંસુ ખાળતી એ મને જોઈ રહી. પછી ન વેઠાતું હોય એમ મારા હાથ મૂકી ઉતાવળે ડાંફો ભરતી ઉંબરો ઓળંગી અંદર જતી રહી.

એકાદ અઠવાડિયા પછી હું મળવા ગયો ત્યારે બાએ હસીને આવકાર્યો. પણ પાછી પાણીનો પ્યાલો લંબાવી ને અચાનક ટેબલ પર મૂકી, 'દાળ ઊભરાઈ જશે...' એવું કશું બોલતી ઉંબરો ઓળંગી અંદર આવી ગઈ. પણ આ બધું કંઈ કોઈને કહેવાય? મનમાં તાય કે કહેવાથી અનુભૂતિ ભાંભરી થઈ જાય.

ક્યાંથી આવતી હશે આવી માયા? એ માયાનો રંગ ઝાઝો ન ટકવાનો હોય એમ એક સાંજે દાદાને ચબૂતરને બેસી બીડીઓ ફૂંકતા જોયા. પગ નીચે ઢગલો ઠૂંઠા પથરાયા હતાં. થોડી વારે પગ લાંબો કરી પીપળના થડ સામે તો ઘડી પસાર થતું વાહન દેખાતું બંધ થાય ત્યાં સુધી તાકી રહેલા. મેં એમને કદી આ રીતે બેઠેલા જોયા નહોતા. એમને તો હવામાંથી એ કામ શોધી કાઢવાની ટેવ હતી. હું સામે આવીને ઊભો ત્યારે ઢળી ગયેલી ભીની પાંપણો પર આંગળી ફેરવી લેતાં એમણે બીડી મોંમાં મૂકી, મને બેસવા ઇશારો કર્યો. હું જિંદગીમાં પહેલી અને છેલ્લી વાર એમની સાથે એ રીતે બેઠો હતો.

'તું દેશી વૈદું ભણ્યો છે તો કોઠાના કેન્સરની અકસીર દવા દેખાડ.'

ત્યારે મને ખબર નહોતી કે બાને છેલ્લા સ્ટેજનું ગર્ભાશયનું કેન્સર છે.

ત્રણ મહિનામાં બા ખાટલે પડી. એની હાડેતી કાયા સાવ કંતાઈ ગઈ હતી. પથારીમાં પડેલા સૂકી ડાળી જેવા હાથ ને ડાળખીઓ એવી આંગળીઓ હલાવતા એણે મને 'બેસ' એમ કહ્યું.

હું લગભગ રોજ એને મળવા જતો. એની ઊંડી ઊતરી ગયેલી આંખો માંડતી એ મલકાવા મથતી ત્યારે હાડકા ઊપસી આવતાં ને દાંત વગરના ચહેરામાં ખોપરીનો આકાર ભાળતી મારી નજર હું કશેક ઠેરવવા મથતો.

દાદાને હું મેં આપેલા ઉકાળા, રસાયન અને સુવર્ણવસંતમાલતી કેવી અકસીર છે એવું કહેતો ત્યારે મારો અવાજ નાનપણમાં બા સામે જૂઠું બોલતાં ઠરડાઈ ગયો હતો એમ થથરાઈ જતો.

બા ધીમા ગળી જતા હોય એવા અવાજે પૂછતી, 'તારા ઘેર કશું કહ્યું નથીને મારા વિશે?

હું એની હથેળી દબાવતો. બસ એમ હળવા સ્પર્શ કે વાળમાં હાથ ફેરવવા સિવાય કશું થઈ જ ન શક્યું. આ વાળ એને કેટલા ગમતા? હિનાબહેન કે મંજુમામી પાસે તડકે બેસી તેલ સીંચાવતી વેળા આંખો મીંચી સાવ હળવાં થઈ જતાં.

એક વહેલી સવારે મારા મોટા મામાના અચાનક અવસાનના સમાચાર મળ્યા. એમને પોસ્ટમૉર્ટમ રૂમમાંથી બહાર લાવ્યા ત્યારે દીકરાને રોકી રાખવો હોય એમ દાદાએ મોટા મામાની હથેળી ચસસચાવીને પકડી રાખી હતી. કેટલીય વારે બીજો હાથ હવામાં હલાવતાં કહ્યું, 'ઘેર કોઈ રડશો નહિ. એને ખબર પડશે તો... એમનો અવાજ તરડાઈ ગાયો. પછી હો ઠ ભીડી ડૂસકું દબાવતાં ઉમેર્યું, 'ઘરઆંગણેય આને નહિ લઈ જવાય... બહાર પીપળા નીચે જ...બોલતા એમના શ્વાસ સાવ છીછરા, ચીંથરેહાલ અને ચામળી પર નીતરતો પરસેવો. એ સિવાય કશું યાદ નથી. કોણે કહ્યું હશે બાને? કે પછી એને સમજ પડી ગઈ હશે?

રાત્રે દોઢેક વાગ્યે એનું શરીર શ્વાસ લેવા ઝાવાં મારતું હતું.

કોઈ બોલ્યું, તું તો ડૉક્ટર છે. ઇન્જેક્શન આલ, બાટલો ચડાય. હું ચૂપચાપ બા સામે જોઈ રહ્યો હતો. થોડી વાર પહેલાં જ ડૉક્ટરે બાને શ્વાસની દવા અને સ્ટીરૉઇડનું મિશ્ર ઇન્જેકશન આપ્યું હતું એટલે હું ચૂપચાપ બા સામે જોઈ રહ્યો. પહેલી વાર મને વધારે મહેનતથી ભણી નિષ્ણાત તબીબ ન થવાનો પસ્તાવો થયો.

બાના ગળા પર આવી ગયેલી વાળની ચૂડથી શ્વાસ દબાઈ ગયો હોય એમ લાગ્યું. મોટાં માસીએ ગંગાજળ રેડ્યું. ગળામાં ચોંટેલા કફ અને પાણીથી બદલાયેલા શ્વાસનો ઘઘરાટ ઓરડાની શાંતિ ચીરતો રહ્યો.

હું એમીનોફાઇલીન નસમાં આપવાનું વિચારતો હતો ત્યારે બા અમારી મોટી કોઠીમાં ઊંડે ઊતરી ગયેલો બાજરો ધકેલવા કોઠીમાં ઊતરતી હતી એમ અંધકાર અને અવકાશમાં સરકી ગઈ.

બા હતી.

ના, બા આવી હતી.

એ સિવાય એના માટે કશું સૂજતું નથી.

*['પરબ', સપ્ટેમ્બર ૨૦૨૨]*

કવિતા

# ભીંત વિશે બે કાવ્યો

રમણીક સોમેશ્વર

## ૧. ભીંત

ભીંતે
છબિ ટાંગો
કે ઘડિયાળ
ભીંતને એનું કાંઈ નહીં
એ તો
ઊભી તે બસ ઊભી

ભીંતને
ન હોય કાન
કે ન હોય ભાન
છતાં પાછી
એ હોય નહીં
બધિર કે બેધ્યાન
ગુસપુસ કે ગપસપ
ચાલ્યા કરે એની આસપાસ
પણ
હોય નહીં એને
એની કશી તમા

પોતા વિશેની
બધી જ વાયકાઓને અવગણીને
એ તો
ઊભી રહે અડીખમ્મ
કેવળ ભીંત બનીને.

## ૨. ભીંતો અને ભીડ

ઘરની બહાર નીકળેલી
ભીંતો
હવે તો ફેલાઈ ગઈ છે
બધે જ
ભીડ બનીને

ભીંતો અને ભીડ
થઈ જાય છે જ્યારે ભેળાં
ત્યારે
આકાશ
ટૂંટિયું વાળીને
બેસી જાય છે એક ખૂણે
ફૂટુંફૂટું થતી કૂંપળો
સમેટાઈ જાય છે પાછી
ડાળીઓમાં
ખેતરની ધારે
ભોરિંગોના ભોણ
ધરૂજવા લાગે છે
ઘૂમરી લે છે જળ
મગરમચ્છોની મોંફાડોમાં
અને પછી
ભીંત ભૂલેલી ભીડ
અને
ભીડ બનેલી ભીંતો
વિસ્તારતી રહે છે
પોતાનું સામ્રાજ્ય
ચોમેર

*['એતદ્', સપ્ટેમ્બર ૨૦૨૨]*

હાસ્ય


# મેં વાંસળી વગાડી

## અશોક દવે

જીવનમાં બીજું કંઈ નહિ તો એકાદું વાજિંત્ર વગાડતાં શીખવું જ જોઈએ, એવું હું માનું છું. ઘણાં તો પોતાનાં બાળકોને જ વાજિંત્રો ગણી લઈને સંગીત શીખ્યાનો સંતોષ માને છે એ ખોટું છે. "સંગીતમાં તમારું આગવું સર્જન શું?" તો કહે, "બસ, આ ત્રણ બાળકો" ... પણ એમ ન ચાલે. આપણે મોટા થયા એટલે એકાદું વાજિંત્ર વગાડતાંય ન આવડે એ બહુ શોભાસ્પદ નથી.

મારે પણ આ દેશને કંઈક આપવા જેવું હતું એટલે બે બાળકોવાળો કાર્યક્રમ પૂરો થઈ ગયા પછી સંગીતના ક્ષેત્રે પણ દેશને બે-ચાર ચીજો ભેટ આપતા જવાનો મેં નિશ્ચય કર્યો. મને અન્ય વાજિંત્રો કરતાં વાંસળી વધુ ગમે છે. એક તો બીજા કોઈ પણ વાજિંત્ર કરતાં સસ્તી પડે છે. બીજું, સિગારેટ વર્ષો સુધી પીધી હતી એટલે ફૂંકો મારવાનો અનુભવ. વાંસળી વગાડતી વખતે હું બહુ રૂપાળો લાગું છું...! ઘણાં તો સિતાર વગાડે છે કે રિપેર કરે છે એનોય ખ્યાલ ન આવે! લૉજમાં મહારાજ રોટલી વણવા બે ઠા હોય એમ ઘણા હીરો ફિલ્મમાં પિયાનો વગાડતા હોય છે તો મારો એક દોસ્ત આજે પણ ફ્લિટ પંપમાં જંતુનાશક દવા ભરીને તકિયા-ગોદડામાં છાંટતો હોય એમ વાયોલિન વગાડે છે. કોઈ મહાપ્રતાપી રાજા-મહારાજા સામે હું જે શાનથી જોઈ શકું એવી શાનથી હું ક્યારેય તબલચીઓ સામે જોઈ શકતો નથી કારણકે તબલાં તો બીજા કોઈ મુખ્ય વાજિંત્રના (કે ગળાના) ચમચાનું જ કામ કરી શકે. પછી ભલે એના વિના ન ચાલે! પણ એમ તો ગોર મહારાજ વિનાય કોઈને ચાલતું નથી! પણ તેથી કાંઈ હનીમૂનમાં પત્નીને બદલે ગોરમહારાજને સાથે લઈને ફરફર ન કરાય.

જ્યારે વાંસળીની તો વાત જ જુદી છે. કેવી પ્રભાવક લાગે! મારી જેમ ભગવાન શ્રીકૃષ્ણનેય વાંસળી જ વહાલી હતી. તેઓ તો સંગીતના ઉપાસક હતા... પણ કોઈ ફોટામાં પ્રભુ શ્રીકૃષ્ણને તબલા વગાડતા જોયા? એ બધું આપણા જેવાઓનું કામ જ નહિ, કુંવરજી! "બાંસુરી તો પલાંઠી વાળીને બેઠાં બેઠાં, ચાલતાં ચાલતાં, સૂતાં સૂતાં, નૃત્ય કે ઈવન કોઈ ઘસઘસાટ ઊંઘતા માણસના નાક પાસે મૂકી દો, તોય વાગે તો ખરી જ! સૂતાં સૂતાં સિતાર વગાડીને જુઓ. નાહતાં નાહતાં તબલાં વગાડી જુઓ...!




મેં વાંસળી શીખવાનો વિચાર કર્યો એમાં બીજું પણ એક કારણ હતું કે, શીખવામાં અન્ય વાજિંત્રો કરતાં ઘણી સહેલી છે. ફૂંક મારો એટલે

કાંઈક તો વાગે જ. સિતાર કે સંતૂરમાં આંગળાં ક્યાં અડાડવાનાં છે એટલું શીખતાંય છ મહિના નીકળી જાય ! તબલાં તો પાછા મઘઈ પાનની જોડીની જેમ બે હોય છે અને એક ઉપર હાથ પછાડો એટલે "ઘુઉંઉઉમ્મ" એટલું તો વાગે, પણ પછી બીજો હાથ ક્યારે માર વાનો હોય છે એની ખબર ન પડે! જ્યારે વાંસળી આટલું   રંજાડતી નથી. ફૂંકો મારવાનું ચાલુ રાખીને આંગળાં આઘાંપાછાં કરો એટલે કામકાજ તો શરૂ થઈ જાય... પછી એમાં ફક્ત સૂર ઉમેરવાનો જ બાકી રહે!

બસ! નિર્ણય લઈ લીધો એટલે મેં એક ગુરુ પણ શોધી કાઢ્યા...એમની પાસે જાતજાતની અનેક વાંસળીઓ હતી, એટલે હું ખૂબ પ્રભાવિત થયો. એટલું જ નહીં, એમના તો હોઠ પણ પં. હરિપ્રસાદ ચોરસિયાને મળતા આવતા હતા. મારો ઉત્સાહ જોઈને એમણે તો પાછું મને વિનામૂલ્યે વાંસળી શીખવવાનું સૂચવ્યું. વિના મૂલ્યે તો કોઈ મારામારી શીખવતું હોય, તો હું તો એ માટેય મારો સમય ફાળવી આપું એવો છું એટલે એમનું સૂચન મેં સ્વીકારી લીધું.

પ્રારંભે તો એમણે મને શિસ્ત, નિયમિતતા અને સાધના વિશે ઘણાં ભાષણો આપ્યાં. જે મને બહુ ગમ્યાં નહિ. પણ પ્રથમ દિવસે મેં વાંસળી હાથમાં પકડી મોંમાં મૂકી કે તરત જ એમણે કહ્યું. "આમ ઠેઠ તાળવાને અડકે ત્યાં સુધી વાંસળી મોંમાં ખોસી નહિ દેવાની... નાના બાળકના ગાલે ચુંબન કરતા હો એવા હોઠ રાખી, બંસીમાં હળવેથી ફૂંકો મારવાની! " એ મને જરાય ન ગમ્યું કારણ કે આવી સાતમી કે આઠમી ફૂંકને અંતે વાંસળીના ગ્રાઉન્ડ ફ્લોર માંથી ટપક ટપક રેલો બહાર નીકળ્યો.

"જુઓ, બંસરીમાં હળવે હળવે સૂર પ્રમાણે ફૂંક મારવાની છે, કોગળા નથી કરવાના! આટલું બધું થૂંક બહાર નીકળે એ ન ચાલે!" ગુરુએ ઠપકો આપતાં કહ્યું.

"તો પછી મારી સાથે બેઠો બેઠો તમારો છોકરો કાચી કેરીના કટકા મીઠામાં બોળી બોળીને ક્યારનો ખાધે રાખે છે એને બહાર કાઢો." મેં ગુરુને જણાવી દીધું.

એની વે... પહેલા પંદર દિવસ તો ભલભલાના આવા જ જાય, પણ ગુરુને મારી શક્તિઓમાં અટલ વિશ્વાસ! શક્ય છે મારામાં એમણે ભવિષ્યનો મહાન કલાકાર પણ જોયો હોય...કોને ખબર છે? એમણે આશા છોડી ન દીધી. પોતાના તરફથી એમણે મને એક વાંસળી ઘેર જઈને રિયાઝ કરવા આપી! અલબત, જેટલો ઉત્સાહ ગુરુએ બતાવ્યો એટલો ઘરનાં સભ્યોએ ન બતાવ્યો. ઘેર હું મારા રૂમમાં બારીબારણાં બંધ કરીને રિયાઝ કરતો હોઉં એમાં પણ કુટુંબ તરફથી કોઈ પ્રોત્સાહનો ન મળ્યાં. એનોય વાંધો નહિ, પણ મારી વાંસળીના બદલામાં મારે માટે જે વિવિધ સૂચનો થયાં તે ઘૃણાજનક હતાં.


"આના કરતાં તો  તું સિગારેટ પીતો હતો એ સારું હતું...બે પાંચ મિનિટમાં પૂરી તો જઈ જાય!" આવા કટાક્ષો પિતાશ્રી કરે, "બેટા, ફૂંકો મારી મારીને તારું ગળું બેસી ગયું છે... વાંસળીમાંથી નીકળે છે એટલો અવાજેય તારા ગળામાંથી નથી નીકળતો...આ બધું બંધ કર!" માતુશ્રીની સલાહ..."કહું છું...વાંસળી જેવી ચીજ ખેતરમાં કે છેવટે ઝાડ નીચે બેસીને વગાડો તો સારું લાગે."

"ઘરમાં આવી પાવાબાજી બંધ કરો ભ'ઈસાબ!" જેને ખુશ કરવા હું વાંસળી શીખતો હતો એ જ મને તાના મારી રહી હતી! ખેતર ન હોય તો ક્યાંથી ઊભું કરવું? ને ઝાડ આમ તો અમારા પસ્તીનગરના કૉર્નર પર જ છે. પણ એની નીચે ચાની લારીવાળો ઊભો રહે છે...ત્યાં જઈને વાંહળા વગાડું એ શોભાસ્પદ છે શું?

એક સારા કલાકારનું પ્રોત્સાહનના અભાવે પતન થતું હતું ને હું કાંઈ કરી શકતો ન હતો. આ બાજુ ગુરુય કંટાળ્યા હતા, કારણ કે હવે તો એમનેય ભૂલો પડવા માંડી હતી. મારા આગ્રહને વશ થઈને શાસ્ત્રીય-વાદનને બદલે ફિલ્મનાં ગીતો વગાડતા થઈ ગયા હતા. રાગ દરબારી કાનડો વગાડનાર ‘ઓયે ઓયે ઓવા’ વગાડવા ઉપર ચડી ગયા હતા. દિલ્હી કક્ષાએ જેમને અખિલ ભારતીય શાસ્ત્રીય સંગીત સંમેલનોમાં આમંત્રણ મળતાં, તે ગુરુને મારી સંગત પછી સરસપુર કે ચમનપુરાની મ્યુઝિકલ પાર્ટીઓવાળા ગીતની વચ્ચે એકાદ ટુકડો વગાડવા વીસ રૂપિયે નાઈટના ભાવથી બોલાવતા થઈ ગયા પછી ગુરુએ મને આગામી સત્ર માટે શિષ્યભાવે સ્વીકારવાની સાફ ના પાડી દીધી!

આ બાજુ હું થોડુંઘણું બેશક શીખી ગયો છું અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીના ભપ્પી લાહિરી જેવા બે-ચાર સંગીતકારોએ મને એમની સાથે જોડાવાની ઑફર કરી છે... એવું કહીને કે, અમારે ત્યાં તો તમારા જેવું જ સંગીત હિટ જાય છે!"

*[‘પેટછૂટી વાત’; અહીં ગૂર્જર હાસ્યનિબંધ-માંથી]*




પુસ્તક-પરિચય

# નિર્વાચિત કલામ – તસલિમા નાસરિન, નિર્વાચિત કવિતા – તસલિમા નાસરિન

[આનંદ પબ્લિશર્સ, કલકત્તા, ૧૯૯૨-૯૩]

ભોળાભાઈ પટેલ



‘નિર્વાચિત કલામ’નું પ્રથમ પ્રકાશન ૧૯૯૨માં મે માસમાં થયું હતું, પણ મારી પાસે ૧૯૯૩માં થયેલા સાતમા મુદ્રણની પ્રત છે. ૧૯૯૨ના મે-થી ૧૯૯૩ના ફેબ્રુઆરી સુધીના એક વર્ષથી ઓછા ગાળામાં આ પુસ્તકની સાત આવૃત્તિઓમાં ૪૩૦૦૦ નકલો છપાઈ છે. આ નકલો ભારતમાં છપાયેલા પુસ્તકની છે. બાંગ્લાદેશની જુદી. આ ઘટના આશ્ચર્ય પમાડે છે, કેમ કે ‘નિર્વાચિત કલામ’ એક રીતે વિચારોનું પુસ્તક છે, જેનો મુખ્ય વિષય છે – નારીમુક્તિ.

બંગાળીમાં હમણાંહમણાં પ્રકટ થયેલાં વિશિષ્ટ પુસ્તકોની વાતચીતમાં શાંતિનિકેતનના નિવૃત્ત ટાગોરપ્રોફેસર સત્યેન્દ્રનાથે તસલિમા નાસરિનના ‘નિર્વાચિત કલામ’નો નિર્દેશ કર્યો ત્યારે એ લેખિકાનું નામ પ્રથમ વાર સાંભળ્યું.



તસલિમા નાસરિન (૧૯૬૨) હજી તો હમણાં જ ત્રીશીમાં પ્રવેશ્યાં છે, તે છતાં તેમનાં પુસ્તકોથી એ બન્ને બંગાળમાં વેગવતી આંધીની જેમ વ્યાપી વળ્યાં છે. આમ તો એ બાંગ્લાદેશનાં નાગરિક છે, અને વ્યવસાયે તબીબ છે. ઢાકાની સરકારી ઇસ્પિતાલમાં કામ કરતાં હતાં, પણ તેમના ઉગ્ર આક્રમક અને મુક્ત વિચારોથી ઇસ્લામી બાંગ્લાદેશના રૂઢિવાદીઓ તેમના પર સખત નારાજ થતાં સરકારે બદલીઓ પર બદલીઓ કરી છેવટે તેમને દેશના સીમાડે મોકલતાં સરકારી નોકરીમાંથી છૂટાં થવા તે બાધ્ય થયાં છે.

એક પુસ્તકપ્રદર્શનમાં પોતાનાં પુસ્તકો પર ગ્રાહકોને હસ્તાક્ષર કરી આપતાં હતાં ત્યારે સ્ટોલ પર પથ્થરમારો થયો. તેમના શયનકક્ષમાં ઝેરી સર્પો દાખલ કરી તેમનો જીવ લેવાના પ્રયત્નો થયાની પણ વાયકા છે. પરિણીત તસલિમા હવે તલાકપ્રાપ્ત મહિલા છે. કેટલાક દિવસ પહેલાં દેશનાં વર્તમાનપત્રોમાં સમાચાર હતા કે ઉત્તર બાંગ્લા દેશમાં સિલ્હટ વિસ્તારમાં ભેગા મળેલા કટ્ટર ઇસ્લામપંથીઓએ એવી માગણી કરી છે કે તસલિમાનાં તમામ પુસ્તકોને જપ્ત કરવામાં આવે. એ તો ઠીક, પણ એ સભાએ તસલિમા નાસરિનને ફાંસીની સજા આપવાનો ફતવો બહાર પાડ્યો છે. સલમાન રશદી જેવી ઘટનાનું પુનરાવર્તન તસલિમાની ‘લજ્જા’

નવલકથાને કારણે છે. 'લજ્જા' નવલકથામાં બાબરી મસ્જિદના ધ્વંસ પછી ઉશ્કેરાયેલા કટ્ટરપંથીઓ દ્વારા, બાંગ્લાદેશમાં રહેતા એક હિન્દુ પરિવારને જે વેઠવું પડે છે, તેની વાત છે. તસલિમાની સ્થાપના છે કે આમ થાય તો તે શરમની – 'લજ્જા'ની વાત બાંગ્લાદેશ માટે કહેવાય. એક મુસ્લિમ લેખિકાની વિધર્મી પરિવાર માટે સહાનુભૂતિ? ઉપરાંત મહત્ત્વની વાત તો એ છે કે તેમાં લેખિકાએ બંગાળના ભાગલા પડ્યા છતાં જે બન્ને ભાગ વચ્ચે સાહિત્યિક અને ભાવનાત્મક એકતા છે એને રેખાંકિત કરી છે, અસહિષ્ણુ કઠમુલ્લાંને આ પસંદ નથી. હવે એમણે કાઢેલો ફતવો એ તો ખરેખરી 'લજ્જા' – શરમની વાત છે. 'નિર્વાચિત કલામ'માં આરંભમાં નિર્દેશ કર્યો તેમ તસલિમા નાસરિનના નારીમુક્તિને કેન્દ્રમાં રાખીને લખાયેલા ચિંતનાત્મક લેખો છે. તેમાં આગ્રહ છે, ઉગ્રતા છે, આત્યંતિકતા છે, પણ તમામ લેખોના પાયામાં લેખિકાની અનુભૂતિપ્રવણ દૃષ્ટિ છે. પુરુષશાસિત સમાજમાં સ્ત્રી એટલે ભોગ્યા. ધર્મશાસ્ત્રો પણ સ્ત્રીને જુદીજુદી રીતે બેડી પહેરાવતાં આવ્યાં છે. સમાજવ્યવસ્થાના દરેક સ્તરે, દામ્પત્યજીવનના ક્ષેત્રે પુરુષની લાલસા અને નીચતા, અધિકાર અને ક્રૂરતા આદિ કેવી રીતે જોવા મળે છે એ લેખિકાએ ખુલ્લંખુલ્લી રીતે લખ્યું છે.

અર્પણના પૃષ્ઠ ઉપર બંગાળીમાં આ પ્રમાણે પંક્તિ છે :

'તબે કિ એઈ-ઈ સત્ય જે નારીર ના મરે મુક્તિ નેઈ?' અર્થાત્ 'છેવટે શું એ જ સાચું છે કે સ્ત્રી મરે નહિ ત્યાં સુધી એનો છુટકારો થતો નથી?' આ પંક્તિમાં પુસ્તકના નિબંધોની દિશા મળી જાય છે, પરંતુ તસલિમા સ્ત્રીઓની અવદશા કે યંત્રણાની વાત લખીને દયા ઉઘરાવતાં નથી. તે સ્ત્રીઓને આગળ આવી પ્રતિકાર કરતાં શીખવે છે. એક સ્થળે લખે છે :

'સ્ત્રીઓ જ્યાં સુધી બધાં બંધન કાપી નાખીને પૃથ્વીનાં રૂપરસગંધનો તેમની ઇચ્છા પ્રમાણે ઉપભોગ કરવાનો અધિકાર પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી તેમને બંધનમાં નાખનારાઓ પ્રત્યે હું વહાવીશ ઘૃણા, ઘૃણા અને ઘૃણા.'

ઘણા નિબંધમાં લેખિકા અંગત અનુભવો અને પ્રસંગોથી શરૂઆત કરે છે, પણ છેવટની સ્થાપના સ્ત્રીઓ પ્રત્યે સમાજના ઓરમાયા વર્તનને રેખાંકિત કરી પુરુષ-વાચકો અને સ્ત્રી-વાચકોને એ બાબતે સભાન કરવાની હોય છે. ધર્મે એટલે કે હિન્દુ કે ઇસ્લામી ધર્મશાસ્ત્રોએ સ્ત્રીઓ પ્રત્યે કેવો ભેદભાવપૂર્ણ રવૈયો અપનાવ્યો છે, તે ધર્મશાસ્ત્રોમાંથી અવતરણો ટાંકીને એ બતાવે છે. અને તે અંગે પોતાની તીખી પ્રતિક્રિયા દર્શાવે છે. સાહિત્યની દુનિયામાં પણ સ્ત્રીઓને કેવી રીતે અન્યાય થાય છે, તે સ્વ-અનુભવે તે કહે છે. શબ્દકોશો પણ પુરુષોએ તૈયાર કરેલા હોવાથી તેમાં સ્ત્રીઓ પ્રત્યેનું તેમનું વલણ તુચ્છતાપૂર્ણ કે અન્યાયપૂર્ણ જોવા મળે છે – એમ તસલિમા પુરુષ અને નારી એ બન્નેના સમાનાર્થક શબ્દો નોંધીને કહે છે.

એક સ્થળે એ લખે છે કે કન્યા-છાત્રાલયોના દરવાજા સાંજ પડ્યે બંધ થઈ જાય છે, જેમ બતક-મરઘીના વાડા બંધ થઈ જાય! છાત્રા પણ છેવટે 'ઉપયોગી, ગૃહપાલિત પ્રાણી બનવાની છે ને!'

અનેક નિબંધોમાં પુનરાવર્તનનો ભાસ થશે, કારણ કે તમામ નિબંધોના વક્તવ્યનો સૂર નારીમુક્તિનો છે. ઉગ્ર આક્રમકતા આ લખાણોની વિશેષતા છે, પણ તેથી સાહિત્યિક ગુણે કરીને ઉજ્જ્વળતા આવતી નથી. પુસ્તકમાંના વિચારો અવશ્ય આપણને અ-સ્થિર કરે છે અને તેય પ્રભાવક રીતે.

○

તસલિમાએ પોતાના લેખનની શરૂઆત કવિતાથી કરી હતી. તે પછી ગદ્યમાં લખવાનું શરૂ કર્યું હતું. ૧૯૮૯માં તેમનો પહેલો કાવ્યસંગ્રહ 'નિર્વાસિત બાહિરે અન્તરે' પ્રકટ થયો હતો. તે પછી 'આમાર કિછુ જાય આસે ના', 'અતલે અન્તરીણ' વગેરે સંગ્રહ થયા છે. તેમાંથી પસંદ કરેલી રચનાઓ 'નિર્વાચિત કવિતા' રૂપે જાન્યુ. ૧૯૯૩માં પ્રકટ થઈ છે. આ સંગ્રહમાં અર્પણને સ્થાને આ પંક્તિઓ છે :

શૃંખલ ભેંગેછિ આમિ

ખસિયેછિ પાન થેકે સંસ્કારેર ચુન

(સાંકળો મેં તોડી નાખી છે

પાન પરથી સંસ્કારોનો ચૂનો ખેરવી નાખ્યો છે.)

તસલિમાએ યૌવનારંભે કવિતાઓ લખવાની ભલે શરૂ કરી હોય, પણ એમાં તરુણીઓને સહજ કોઈ રોમાંટિક ભાવોદ્‌ગારો નથી. તેમણે તો ચુપચાપ અત્યાચારો સહન કરતી નારીની વેદનાને વાચા આપી છે. કવિ તરીકે તેમનું લક્ષ્ય છે – સ્ત્રી-પુરુષની સમાનતાની સ્થાપના. એટલે તેમની કવિતામાં રોષ, કડવાશ, વિરોધ તો છે, તે સાથે પ્રેમ માટેની વ્યાકુળતા પણ જોવા મળે છે :

એક બાર ભાલોબાસલેઈ

સબ ભુલે કઁદે ઉઠિ અમલ બાલિકા

(એક વાર પણ પ્રેમ કરી શકું તો

બધું ભૂલીને નિર્દોષ બાલાની જેમ રોઈ પડું. )

પણ આવાં સ્થળ ઓછાં છે, અહીં તો આવાં સ્થળો વિશેષ છે :

પુરુષેર અન્ધ અશ્લિલતા દેખે

મનેમને દોજખેર અનન્ત આગુને પુડિ...

(પુરુષની આંધળી અશ્લીલતા જોઈ

મનોમન  નરકની અનંત આગમાં બળું છું.)

'નિર્વાચિત કલામ'માં એક નિબંધમાં કરેલી વાતનો અર્ક એક કવિતામાં, સંગ્રહની પહેલી કવિતામાં છે. એ નિબંધની માંડણી સાવેગ થઈ છે. કોઈ સ્ત્રી પુરુષને નમે નહિ, અને  પુરુષ વિના શસ્ત્રે, વિના એને માર્યે, વિના એની હત્યા કર્યે કેવી રીતે પદદલિત કરી શકે? તો કહે, બીજું કંઈ કરવાનું નહિ, માત્ર એને વિષે જાહેરમાં એક વાર એમ કહેવું 'મેયેટિર ચરિત્ર ભાલો નઈ'. 'આ છોકરીનું ચરિત્ર સારું નથી' અર્થાત્ તે બદચલનની છોકરી છે. 'બસ, એટલે કિલ્લો ફત્તેહ.' પછી લેખિકા પુરુષ વાચકોને સંબોધીને કહે છે. 'એને કારણે સ્ત્રીને કેવી તકલીફો પડશે એ સમજવા તો તમારે સ્ત્રીનો જ અવતાર લેવો પડે – સ્ત્રીઓ માટે 'ચરિત્ર' એ એવી વસ્તુ છે! પછી સ્ત્રી વાચકને સંબોધીને કહે છે કે આ રહસ્ય એટલા માટે કહ્યું કે તેની ધાર પુરુષો આગળ બુઠ્ઠી થઈ જાય છે કેમ કે સ્ત્રીને ચરિત્રહીન કહેવાની તમારી (પુરુષોની) યુક્તિની અમને (નારીને) પણ ખબર પડી ગઈ છે. પછી જે કવિતા છે, તે આ સંગ્રહમાં  'ચરિત્ર' નામે પહેલી કવિતા છે :

તું સ્ત્રી છે

તું બરાબર સમજી લે

તું ઘરનો ઉંબરો ઓળંગીશ

(એટલે) લોક આંખ ત્રાંસી કરીને જોશે

તું જ્યારે શેરીઓમાં ચાલવા માંડીશ

લોક તારો પીછો કરશે, વ્હીસલ વગાડશે

તું જ્યારે શેરી વટાવી રાજમાર્ગે આવીશ

લોક તને ચરિત્રહીન કહી ગાળ દેશે

જો તારામાં કંઈ દમ નહિ હોય તો

તું પાછી ફરી જઈશ,

અને તેમ નહિ હોય તો

જે રીતે જતી હોય, જજે.

બીજા એક કાવ્યમાં સ્ત્રીને સાવધાન કરતાં એ કહે છે :

કૂતરાઓનું એક ટોળું તારી પાછળ પડ્યું છે

જાણી રાખ,

કૂતરાને ડિલે છે ગંદકી

તારી પાછળ પુરુષોનું એક ટોળું છે

જાણી રાખ,

સિફિલિસ.

તસલિમા વ્યવસાયે દાક્તર છે, એટલે કેટલાંક શબ્દો, વાક્યો, ઉદ્‌ગારો જે સ્ત્રીકવિને કહેતાં સંકોચ થાય એ, તસલિમા, રોગીને જેમ ડૉક્ટર કહે, એમ કહી દે છે. પરંતુ તેમાં તેનો આક્રમક નારીવાદી દૃષ્ટિકોણ પણ મુખરિત થતો હોય છે. કૂતરાને પણ પુરુષની સાથેસાથે રાખીને, સ્ત્રી પર અત્યાચાર કરતા પુરુષસમાજ પ્રત્યેની ઘૃણાને છુપાવવાનો એમણે પ્રયત્ન કર્યો નથી.

રવીન્દ્રનાથે ‘માનુષી’ નામની તેમની નારી-સ્તોત્ર જેવી કવિતાના અંતિમ ચરણમાં કહ્યું છે, ‘અર્ધેક કલ્પના તુમિ, અર્ધેક નારી’ એ રોમાંટિક પંક્તિની જોડમાં પુરુષનો પરિચય આપતાં તસલિમા કહે છે કે તે અર્ધો પશુ છે અને અર્ધો માનવ છે :

અર્ધેક પશુ સે

અર્ધેક માનુષ

'શસ્તાર જિનિસ' – 'સોંઘી વસ્તુ' નામની એક કવિતામાં સ્ત્રીને કેટલી નજીવી કિંમતે 'ખરીદી' શકાય છે, તે કટાક્ષસભર રીતે કહેવાયું છે :

બજારમાં જેટલી સસ્તા ભાવે સ્ત્રીઓ મળે છે
તેટલા સસ્તામાં બીજું કંઈ મળતું નથી,
એક અળતાની શીશી મળે તો આનંદમાં તે
ત્રણ દિવસ ઊંઘશે નહિ,
નાહવાના બે સાબુ મળે અને વાળમાં નાખવાનું
સુગંધી તેલ મળે
(તો) તેઓ એટલી વશ થઈ જશે કે એમના
શરીરમાંથી માંસ લઈ
સપ્તાહમાં બે વાર બજારમાં વેચી શકાય...

'નિયતિ' નામની કવિતાની શરૂઆત આ રીતે થાય છે :

દરરોજ રાતે મારી પથારીમાં આવીને સૂઈ જાય છે
એક નપુંસક પુરુષ
આંખે / હોઠે / ગાલે
ચંચળ ચૂમીઓ ભરતાંભરતાં
બે હાથની મૂઠીઓમાં પકડે છે સ્તન...

પણ પછી નારીની દેહતૃષ્ણા જગાડી એને તૃપ્ત કરી શકતો નથી, એની અહીં વિતૃષ્ણાભરી વ્યથા છે.

નારીનું શરીર પુરુષના સ્પર્શથી રોમાંચિત થઈ ઊઠે છે અને એથી એ ઘણી વાર પુરુષને અધીન થઈ જાય છે. એટલે કવિ પૂછે છે :

આ પૃથ્વી પર તો હું કોનું રમકડું છું?
પુરુષનું કે પ્રકૃતિનું?
ખરેખર તો પુરુષ નહિ
પણ પ્રકૃતિ જ મને બનાવે છે
હું તેના શોખની સિતાર છું...

એટલે 'ખોટા પ્રેમમાં વહી ગઈ ત્રીસ વસંત' કવિતામાં કહે છે :

ખોટા પ્રેમમાં વહી ગઈ ત્રીસ વસંત




તેમ છતાં હજી પણ કેમ જાણે હૈયું ટટળે છે –
હજી પણ પ્રતારક પુરુષની આંગળી અડકે
કે પથ્થરના શરીરમાંથી ઝરણાનું જળ
ઝમવા માંડે છે...

અંતે કવયિત્રી કહે છે :

ખોટા પ્રેમમાં ત્રીસ વર્ષ વહી ગયાં
હજાર બીજાં પણ વીતી જશે, તો પણ
ભાન નહિ આવે અબુઝ બાલિકાને.

હજાર વરસના પુરુષના પરિચય પછી પણ ભાન થવાનું નથી નારીને, અહીં ‘અબુઝ બાલિકા’ (નિર્બોધ બાલિકા) શબ્દોમાં ‘બાલિકા’નો પ્રયોગ ધ્યાનપાત્ર છે. હજાર વર્ષ પછી પણ બાલિકા? કવિનો ભાવ સ્પષ્ટ છે કે આમ નારી જેને પ્રેમ માનતી આવી છે, તે પ્રેમ નથી. એની તેને ખબર પડવાની નથી, પુરુષની એવી મોહજાળમાં તે ફસાયેલી રહેવાની છે.

આ રીતે સંગ્રહની અન્ય રચનાઓમાં પણ કવિ નારીને નિર્મુક્ત કરવા માગે છે, પાશવી ચૂડમાંથી, જે પુરુષશાસિત સમાજે નીતિને નામે, સતિધર્મને નામે કે ધર્મને નામે તેને જકડી રાખે છે.

તસલિમાની કવિતા વાચાળ અવશ્ય છે અને વિષયવૈવિધ્યનો અભાવ પણ એમાં છે, તેમ છતાં તેમની દરેક કવિતા અખાના છપ્પાની જેમ આઘાત આપી પ્રબોધવા તાકે છે. કવિ તરીકે એમની રીતિ કાકૂ-કટાક્ષની છે. તેની તેજ ધાર રચનાઓને આસ્વાદક્ષમ બનાવે છે.

પણ શું લેખોમાં કે શું કવિતાઓમાં તસલિમાનો તપ્ત નારીકંઠ સદીઓથી સંસ્કારબદ્ધ ચેતનાને તળિયેથી હલબલાવે છે.

[પ્રત્યક્ષસંપદા, ૨૦૨૦]

પત્ર

# મુક્તિનો આનંદ!

મહાદેવ દેસાઈ

૧૮, કચેરી રોડ, અલ્હાબાદ, ધનત્રયોદશી; તા.૨૮.૧૦.૧૯૨૧

**પરમ પૂજ્ય બાપુજી,**



તાવ ગયો ન ગયો તેની નથી પરવા, પથારીમાં મજા છે. તમને ખોટું ભલે લાગે. હું પારાવાર  આનંદ ભોગવી રહ્યો છું. મારો આનંદ કોઈ સમજતા નથી, નથી સમજતો જડ પ્રોફેસર (આચાર્ય કૃપાલાની) કે બીજું કોઈ. કદાચ પંડિતજી (મોતીલાલ નેહરુ) સમજે પણ તે તો, કવિતા પોતાનામાં ભરેલી પણ તેને અણમાનીતી રાણીની માફક રાખનારા રહ્યા. મારા આ પાંચ દિવસ ધન્ય જવાના એમ લાગે છે. પાંચ દિવસ એટલે આપને અંજલિ મોકલી ત્યારથી માનીને. રાત્રે નિદ્રા આવતી જ નથી. કાંઈક કાવ્ય સ્ફુરે છે-કાવ્યો કેવળ કૈવલ્યાનંદનાં. અર્જુન ભગત કહે છે કે ‘નિંદ નહીં પલઘડી શબ્દમેં જિનકું ખબરો પડી’. તેનો અરધો અનુભવ મળી ગયો! મને તમે ધન્ય નહીં ગણો?


**-- મહાદેવનાં વંદન**

*[‘શુક્રતારકસમા મહાદેવભાઈ’, સંપા. જયંત પંડ્યા, કાન્તિ શાહ, ૧૯૯૧ માંથી]*

# ‘એકત્ર’નો ગ્રંથ-ગુલાલ



## ચુનીલાલ મડિયાની ઉવેખાયેલી વાર્તાઓ





પોતાના સમકાલીનો કરતા મડિયાને ઘણું ટૂંકું આયુષ્ય મળ્યું. પણ એટલાં વરસોમાં પણ કલમને ખોળે માથું મૂકીને જીવેલા આ સર્જકે અઢીસો જેટલી વાર્તાઓ આપી છે. મડિયાની જે વાર્તાઓ લોકજીભે ચડી છે એટલી, કહોકે એનાથી પણ વધારે વાર્તાઓ એક યા બીજા કારણસર વિસરાવાની અણી ઉપર આવીને ઊભી હતી જેમાંથી ૧૬ જેટલી વાર્તાઓ અહીં રજૂ થઈ છે. મડિયા એટલે ગ્રામચેતાનાની વાર્તાઓના લેખક એ છાપને આ વાર્તાઓ ખોટી ઠેરવે છે. વિભાજનની વાત હોય કે પુત્રની પાછળ પિંડ પુરાવા અસમર્થ વિધવાની વાત હોય, વહેમ એક ગામડાગામના નિર્દોષ યુવાનનો કેવો ભોગ લઈ લે એ વાત હોય કે સમૃદ્ધિ વધતાં ગામડાંના ખેડૂતોમાં સુખ નહીં પણ વ્યસન અને એદીપણું વધે છે એવી વાત હોય કે મહાનગરી મુંબઈના જીવનના આટાપાટા હોય, મડિયાની વેધક નજર એની પર નાખેલા પરદા ચીરીને નર્યું સત્ય આપણી આગળ રજૂ કરવામાં કોઈ ક્ષોભ નથી રાખતી. આવી ઉવેખાયેલી વાર્તાઓ પસંદ કરવાનું કામ ઘણું અઘરું હતું જે અમિતાભ મડિયાએ સફળતાપૂર્વક પાર પાડ્યું છે.

અત્યાર સુધી કાળા અક્ષર બનીને સફેદ કાગળમાં કેદ રહેલી આ કથાઓને ‘એકત્ર’નો વિજાણુ અવતાર સાંપડતાં એ ખરા અર્થમાં દેશ વિદેશના સીમાડા ઓળંગવા શક્તિમાન બની છે એ ઘટના નાનીસૂની નથી. ચાલો, મડિયાની દિવ્ય ચેતનાને વંદન કરીને આ વાર્તાઓમાં પ્રવેશીએ.



## ચુનીલાલ મડિયાની લોકપ્રિય વાર્તાઓ




આ સંપાદનમાં, મડિયામાંથી જેમણે મડિયારાજા બનાવીને ઘૂઘવતાં પૂર સમી પ્રચંડ લોકપ્રિયતા આપી એવી વાર્તાઓ છે. ‘કમાઉ દીકરો’, ‘વાની મારી કોયલ,’ ‘ચંપો અને કેળ’ કે ‘વેળા વેળાની છાંયડી’ હોય કે અહીં છે એ બધી વાર્તાઓ આજે એક લેખકની વાર્તામાંથી લોકકથા બનવાના સીમાડા ઉપર ઊભી છે. આ કથાઓમાં વાર્તાકાર મડિયા નવલકથાકાર મડિયા કરતા નોખો મિજાજ અને નોખી સર્જકતા બતાવે છે. અહીં એક બાજુ જિંદગીની કાળી બાજુ રજૂ કરતી વાર્તાઓ છે તો એની સામે બાજુ મનોમન મલકી ઊઠીએ અને વળી એ મલકાટની પાછળ છુપાયેલી કરુણતા નજરે ચડે તો મૌન થઈ જવાય એવી વાર્તાઓ પણ છે. કોઈ અખબારમાં આવેલા ચાર લીટીના સમાચારમાંથી સાંગોપાંગ વાર્તા સર્જી શકતી મડિયાની બળકટ કલમ આછાં નખદર્શનમાંથી આખો રાવણ આલેખવાની શક્તિની સાબિતી આપે છે. અઢીસો જેટલી વાર્તાઓમાંથી વીસ જ વાર્તાઓ પસંદ કરવાનું કામ ઘણું અઘરું હતું જે અમિતાભ મડિયાએ સફળતાપૂર્વક પાર પાડ્યું છે.

અત્યાર સુધી કાળા અક્ષર બનીને સફેદ કાગળમાં કેદ રહેલી આ કથાઓને ‘એકત્ર’નો વિજાણુ અવતાર સાંપડતાં એ ખરા અર્થમાં દેશ વિદેશના સીમાડા ઓળંગવા શક્તિમાન બની છે એ ઘટના નાનીસૂની નથી. ચાલો, મડિયાની દિવ્ય ચેતનાને વંદન કરીને આ વાર્તાઓમાં પ્રવેશીએ.

— કિરીટ દૂધાત

**સંપાદક: અમિતાભ મડિયા**

વાંચો: ઉવેખાયેલી વાર્તાઓ　　વાંચો: લોકપ્રિય વાર્તાઓ

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, “હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી”. This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as “language” because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**“Preserve and spread Gujarati literature through digitization”**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra’s website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**